આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

સ્નેહપૂર્વક સમર્થન કરનારાઓ કરતાં તિરસ્કારપૂર્વક તીર તાકનારાઓની નજરે તમને જાગતા રાખે છે સાવધાન રાખે છે અને દોડતાં પણ રાખે છે - રજનીશ

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૧૪ | ૨૮ જાન્યુઆરી, ૨૦૧૫, બુધવાર ; મહા સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લામાં સ્વાઈન ફલુથી મહિલા દર્દીનું મોત

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુના આગમન બાદ દહેગામ પંથકમાં એક મહિલાનું મોત થતાં આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યું છે. તમામ તબીબી અધિકારીઓને પરિસ્થિતિ પર સતર્કતાથી નજર રાખી આવા શંકાસ્પદ દર્દીઓને સમયસર સારવાર મળે તે જોવા જણાવ્યુ છે.

ગાંધીનગરના કલોલ શહેરના પંચવટી વિસ્તારમાંથી પ્રથમ કેસ નોંધાયા બાદ દહેગામના બહિયલ પંથકમાંથી એક મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે આ દર્દીનો રિપોર્ટ પોઝીટીવ હોવાનો આજે એક કેસ આવ્યો છે. જ્યારે તેણીનું ગઈકાલે જ મૃત્યુ થયું હતુ.

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યા વધી રહી છે. ત્રણ દિવસમાં બે દર્દીઓ નોંધાયા છે. અગાઉ ત્રણ વર્ષમાં ૫૦ થી વધુ કેસ આ રોગના નોંધાયા છે.

સ્વાઈન ફલુને લઈ તંત્રએ તેના અધિકારીઓને તાલિમ પણ આપી છે તેમજ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડ પણ ઉભો કરવા માટે તાકીદ કરી દેવામાં આવી છે. જિલ્લા તંત્રએ આ માટે અધિકારીઓની એક ખાસ રેપીડ રિસ્પોન્સ ટીમ પણ બનાવી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાતંત્રએ તમામ તબીબી અધિકારીઓને સ્વાઈન ફલુના શંકાસ્પદ લક્ષણો જણાય તો તાત્કાલિક જિલ્લાકક્ષાએ સંપર્ક કરી અને ઝડપી નિદાન સાથે સમયસર સારવાર દર્દીને મળે તે જોવા જણાવ્યું છે.

કલોલમાં નોંધાયેલ દર્દીની સ્થિતિ સારી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. દહેગામમાં મૃત્યુ પામેલ દર્દીને ડાયાબીટીસ સહિત બીજી પણ તકલીફો હોવાનુ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

મા તુજે સલામ : પ્રજાસત્તાક દિનની સાંજે નગરની શાળા-મહાશાળાઓમાં દેશભક્તિના કાર્યક્રમો યોજાયા હતા. દેશભક્તિ ગીતો સાથે નૃત્યનો અભિનવ કાર્યક્રમ વિવિધ સંસ્થાઓમાં યોજાયા હતા. ગાંધીનગરના પાદરે સ્વામીનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રાંગણમાં વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રવંદનાના કાર્યક્રમે પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

## મનપાએ ૩૬ લાખથી વધુ રકમ વસુલી

### બે એકમોને રકમ ભરવા માટે મુદત અપાઈ : હવે તંત્રની બે ટીમો કાર્યરત કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહા-નગરપાલિકાએ મિલ્કત વેરાની બાકી વસુલી અભિયાનના બીજે દિવસે ૩૬ લાખથી પણ વધુ રકમની વસુલી કરી છે. અને બે એકમોને તેમની બાકી રકમ દિન-૧૫માં જમા કરાવવા માટેની મુદત આપી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૨૫મીથી વેરા વસુલાતી સઘન બનાવવાનું અભિયાન હાથ ધર્યુ છે. આજે બીજે દિવસે તંત્રએ છ એકમોમાં સીલીંગ માટેની કામગીરીનું અભિયાન હાથ ધર્યું હતુ.

મળતી વિગતો પ્રમાણે હોટલ કેમ્બે પાસેથી લેણી નીકળતી રૂ. ૪૦ લાખથી વધુની રકમ પૈકી રૂ. પાંચ લાખનું ચુકવણુ કરી બાકીની રકમ માટે ૧૫ દિવસનો સમય માંગતા તે ગ્રાહ્ય રાખવામાં આવ્યો હતો.

આ ઉપરાંત જી. આઈ. ડી. સી.માં સહજાનંદ કંપની પાસેથી પણ રૂ. ૪૦ લાખથી વધુની વસુલી હતી પરંતુ કંપનીએ તાત્કાલિક રૂ. ૧૦ લાખનુ ચુકવણુ કરી બાકીની રકમ માટે ૧૫ દિવસનો સમય માંગતા તે ગ્રાહ્ય રાખવામાં આવ્યો હતો.

મ્યુનિ. કોર્પોરેશનની સિલીંગ ટીમે આજે અન્ય ચાર જેટલા એકમોની જે ૨૦ લાખથી વધુની બાકી હતી તેમની પાસેથી પુરેપુરી રકમની વસુલી કરી આજે બીજે દિવસે રૂ. ૩૬ લાખથી વધુની વસુલી કરી હતી.

● અનુસંધાન પાના - ૭ પર

## ગાંધીનગર સિવીલનું એનએબીએચ પ્રમાણપત્ર અટવાયુ

### સરકારે નવી કોઈ હોસ્પિટલની દરખાસ્ત નહિ કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સિવીલ હોસ્પિટલનું એન.એ.બી.એચ. પ્રમાણપત્ર ઈન્સ્પેકશનના પાંચ મહિના વીતી ગયા પછી પણ ન મળતાં આરોગ્ય તંત્રની જિલ્લામાં માઠી બેઠી છે.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલ જે દેશની પ્રથમ સરકારી હોસ્પિટલ એન.એ.બી.એચ. પ્રમાણપત્ર ધરાવતી હોસ્પિટલ બની હતી. ત્રણ વખત આ હોસ્પિટલને એન.એ.બી.એચ.નું પ્રમાણપત્ર મળી ચુકયું છે.

ગત ઓગષ્ટ સપ્ટેમ્બરમાં વધુ એક વખત એન.એ.બી.એચ.નું ઈન્સ્પેકશન આવ્યું હતું. આ ટીમે કેટલીક કવેરીઓ શોધી તે અંગે ખુલાસો માંગ્યો હતો અને સત્તાવાળાઓએ તેનો જવાબ પણ કરી દીધો હતો પરંતુ હજુ સુધી આ પ્રમાણપત્ર અંગે કોઈ જ પ્રત્યુત્તર બોર્ડ દ્વારા અપાયો નથી.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલ હાલ મેડીકલ કોલેજથી સંલગ્ન

● અનુસંધાન પાના - ૭ પર

## સે-૬ના આવાસની છતમાંથી તોતિંગ પોપડું ખર્યું : કિશોરીને ઈજા

### સરકારી આવાસોની છત સલામત નથી : છતમાંથી પોપડા ખરતા અટકાવવા યોગ્ય ટ્રીટમેન્ટ જરૂરી



ગાંધીનગર, તા.૨૭

સે-૬માં ચ-૧ કક્ષાના સરકારી મકાનમાં આજે છતમાંથી મોટું મસ પોપડું ખરતા નીચે સુતેલી એક કિશોરીને માથાના ભાગે ઈજા થવા પામી હતી. તેણીને તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જયાં માથાના ભાગે ચાર ટાંકા લેવા પડયા હતા.

શહેરના સરકારી આવાસોનું મજબૂતીકરણ હાથ ધરવામાં આવ્યું છે. પરંતુ આવાસોની છતમાંથી પોપડું ખરવાના બનાવો વારંવાર પ્રકાશમાં આવે છે. આવા સંજોગોમાં આવાસોની નબળી છત સુધારવા ખાસ ટ્રીટમેન્ટ હાથ ધરવામાં આવે તે પણ અનિવાર્ય બન્યું છે. આવાસ રીનોવેશન અન્વયે સીલીંગ મજબૂતીકરણ તરફ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસોનું તબક્કાવાર રીનોવેશન હાથ ધરવામાં આવે છે. પરંતુ રીનોવેશનની કામગીરીના અંતે

● અનુસંધાન પાના - ૭ પર

સ્પેશયલ ઑફર

લઈજાઓ સોનાના ૧૧ દાગીના ફક્ત રૂ. ૧,૭૧,૦૦૦/-* માં

સેટ, પાટલા, ચેન, લકી, મંગલસુત્ર, કાનસેર, બુટ્ટી, વીંટી, પેન્ડલ, કડી

ઓછી મજુરી મોટું વળતર

૯૧૬ હોલમાર્ક વાળા દાગીના

મજુરી ફક્ત રૂા. ૧૫૧/-* પ્રતિ ગ્રામ

(શેરથાવાળા)

N.C. Zaveri

Gold, Jadtar, Antique, Real Diamond & Silver

*શરતો લાગુ

૧૮, અભિમન્યુ કોમ્પલેક્ષ, લક્ષ્મી ગાંઠીયારથની સામે, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ.

(અમારા શો-રૂમની મુલાકાતથી નવીન ડિઝાઈન જોવા મળશે અને ફાયદો થશે)

૧ થી ૩૦ સેક્ટર માટે

LED TV, LCD TV, Colour TV

રીપેરીંગ માટે ફોન કરો

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬

### પાંચમી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



જન્મ તારીખ ૨૬-૧૧-૧૯૨૮

સ્વર્ગવાસ તારીખ ૨૭-૦૧-૨૦૧૦

**સ્વ. નવિનચંદ્ર મુલચંદ ધ્રુવ**

બંધ કરી આંખ અને દર્શન કરીએ
ઝુકાવી પાપણ તમને નમન કરીએ
નજર સમક્ષ કાયમ રહ્યા હવે ફક્ત છબી જોવાની રહી,
સૌનો છોડ્યો સાથ ઓચિંતા લીધી વિદાય,
ક્યાં જઈશું, કોને કહીશું,
અમે અંતરની વાત એક પળ પણ ભૂલ્યા નથી
આંખોના અશ્રુ વહ્યા કરે છે.
અંજલી આપતા શબ્દો ઓગળ્યા કરે છે.

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના

લી. ગં. સ્વ. ભાવનાબેન નવીનચંદ્ર ધ્રુવ
જયેશ, સંજય, દિલીપ (પુત્રો)
રોનક, રોહન (પૌત્ર)
કિંજલ, ખ્યાતિ, ગ્રીષ્મા, દિયા (પૌત્રી)

સત્યમેવ જયતે

પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલય, ભારત સરકાર



નરેન્દ્ર મોદી
માનનીય પ્રધાનમંત્રીશ્રી, ભારત



ધર્મેન્દ્ર પ્રધાન
માનનીય રાજ્યમંત્રી (સ્વતંત્ર પ્રભાર)
પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલય

स्वच्छ भारत
એક પગલું સ્વચ્છતા તરફ

OGCF ૧૬ - ૩૧ જાન્યુઆરી, ૨૦૧૫ (તેલ અને ગેસ સંરક્ષણ પખવાડિયું)



જેઓ દરેકને મંઝીલ સુધી પહોંચાડે છે
તેઓ દેશની પ્રગતિમાં ભાગીદાર છે

OGCF આંદોલનથી જોડાઓ અને દેશની પ્રગતિમાં સાથ આપો

इंधन बचाओ, जन धन बढ़ाओ

INDHAN BACHAO JAN DHAN BADHAO
OIL & GAS CONSERVATION FORTNIGHT
JANUARY 16-31, 2015

ઇંધણ બચતના ઉપાયો
- લાલ સિગ્નલ પર એન્જિન બંધ કરો
- કાર પૂલથી જોડાઇ ઇંધણ બીલ ૫૦ ઓછું કરો
- ગાડી હંમેશા યોગ્ય ગેયરમાં ચલાવો
- પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરો

PCRA
Petrol Conservation Research Association

DAVP/33104/13/0021/1415

OGCF'15 દરમિયાન ઓરીએન્ટેશન વર્કશોપનું આયોજન કરાશે. ઓટો/ટેક્સી ડ્રાઇવરોને નજીકના પેટ્રોલ પંપ પર જવા અનુરોધ.